GJRJ140014992024

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૦/૦૯/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૧૦/૦૯/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૨૨/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિન |
| | : | ૦૧ | ૦૬ | ૧૩ |
| આંક | : | ૩૦ | | |

**:: નમુનો – અ ::**

| | | |
|---|---|---|
| **જસદણ નાં મહેરબાન એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ (શ્રી કે.એન.દવે) સાહેબની અદાલતમાં, મુંઃ જસદણ સમક્ષ.** | | |
| **ચુકાદાની તારીખ** | :- | ૨૨/૦૪/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | :- | ૧૧૩૪/૨૦૨૪ |
| **પોલીસ સ્ટેશન/ એફ.આઈ.આર.નં** | :- | જસદણ પો.સ્ટે. ફર્સ્ટ પાર્ટ સી ગુ.ર.નં. ૧૧ ૨૧૩૦૨૧૨૧૨૪૦૩૯૨/૨૦૨૪ |
| **ગુનો** | :- | એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી મુજબ |
| **ફરીયાદી** | :- | શ્રી સરકાર |
| **વિ. એ.પી.પી. શ્રીમતી** | :- | કે.એમ.ચૌધરી. |
| **આરોપીનું નામ** | :- | **મહેશભાઈ ઝુંઝાભાઈ ડેકાણી,** રહે. હિંગોળગઢ ગામ, તા.વિંછીયા, જી. રાજકોટ. |
| **આરોપી તર્ફે વિ.વ.શ્રી** | :- | વી.વી.હતવાણી. |

**:: નમુનો – બ ::**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | **:–** | ૦૪/૦૭/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| **ફરીયાદની તારીખ** | :- | ૦૫/૦૭/૨૦૨૪ |
| **ચાર્જશીટની તારીખ** | :- | ૧૦/૦૯/૨૦૨૪ |
| **ચાર્જફ્રેમ/પ્લી તારીખ** | :- | ૧૨/૦૩/૨૦૨૫ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | :- | ૧૫/૦૪/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | :- | ૨૨/૦૪/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | :- | ૨૨/૦૪/૨૦૨૬ |

**:: આરોપીની વિગત ::**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | અટકાયતનો સમયગાળો CRPC-428 મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મહેશભાઈ ઝુંઝાભાઈ ડેકાણી** | ૪/૭/૨૦૨૪ | ૪/૭/૨૦૨૪ | પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | - |

## -:: ચુ કા દો ::-

(૧) આરોપીઓ વિરૂધ્ધ પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની હકીકતો</u>**

(૨) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપી ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળું હિરો કંપનીનું સીલ્વર કલરના પટ્ટાવાળું બ્લેક કલરનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ જેના રજીસ્ટ્રેશન નંબર-GJ-03-KA-1898 વાળું જેની કિંમત રૂ. ૨૫,૦૦૦/- વાળું સર્પાકાર રીતે રોડ ઉપર આડુ-અવળુ ચલાવી મળી આવતા મજકુર ઈસમે પ્રોહી. એકટની કલમ-૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ-૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવા

અંગેની ફરીયાદ ફરીયાદીએ જસદણ પો.સ્ટે.માં આપતાં સદર ફરીયાદ જસદણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૨૧૨૪૦૩૯૨/૨૦૨૪ થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં તમામ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધિશશ્રી દ્વારા અત્રેની કોર્ટ દ્વારા આંક– ૧૨ થી તહોમતનામું ફરમાવી, તહોમતનામા સબબ આરોપીની આંક– ૧૩ થી પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ</u>**

(૪) આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | અટક પંચ સાહેદ દિલીપભાઈ હરજીભાઈ મજેઠીયાની જુબાની. |
| ૨ | ૧૭ | અટક પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચર ની જુબાની. |
| ૩ | ૨૬ | ફરીયાદી સુનીલભાઈ વશરામભાઈ તલસાણીયાની જુબાની. |
| ૪ | ૨૮ | ત.ક.અ.શ્રી જયંતીભાઈ ધીરુભાઈ મજેઠીયાની જુબાની. |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૬ | અટક પંચનામું. |

| | | |
|---|---|---|
| ૨ | ૨૭ | ફરીયાદ . |
| ૩ | ૨૯ | તપાસનો ડેપ્યુટ હુકમ. |

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ જવાબ નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો જવાબ નકારમાં આપી વિશેષમાં જણાવેલ છે કે અમો નિર્દોષ છીએ. અમોએ કોઈ ગુનો કરેલ નથી.

**<u>ફરીયાદપક્ષે દલીલો</u>**

(૬) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે આ કામે ફરીયાદ પક્ષે કેસની તમામ કડીઓ એકત્રીત કરી પોતાનો કેસ નિ:શંક પુરવાર કરેલ છે તેમજ આરોપીઓ સરકારી કર્મચારી હોય તેઓએ ઉચાપતનો ગુનો કરેલ છે તે સાબિત થાય છે તેમજ રેકર્ડ પરના અન્ય પુરાવા પરથી આરોપીઓ સામે ફરીયાદ પક્ષે નિ:શંકપણે ગુનો પુરવાર કરેલ હોય જેથી આ કામના આરોપીઓને આક્ષેપીત ગુનાઓમાં તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**<u>આરોપીઓ તરફે વિ.વ.શ્રીની દલીલો</u>**

(૭) જયારે સામાપક્ષે આરોપીઓના વિ.વ.શ્રી વી.વી.હતવાણી ધ્વારા મૌખીક દલીલો રજુ કરવામાં આવેલ છે જે ઘ્યાને લીધી. વધુમાં તેઓની મૌખીક દલીલ એવી કરવામાં આવેલ છે કે, ફરીયાદ પક્ષ આરોપીઓ સામે ગુનાની કડીઓ ભેગી કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેમજ

આરોપીઓની તરફેણમાં કરવામાં આવતો નિર્દોષતાનું અનુમાન સાબિત થાય છે. તે સંજોગોમાં આ કામના આરોપીઓને આ કામે સજા કરી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવવા પામેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**નિર્ણય માટેના મુદાઓ**

(૮) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## ::– મુ દ્દા ઓ –::

| અનું.નં. | મુદા |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળું હિરો કંપનીનું સીલ્વર કલરના પટ્ટાવાળું બ્લેક કલરનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ જેના રજીસ્ટ્રેશન નંબર–GJ–03–KA–1898 વાળું જેની કિંમત રૂ. ૨૫,૦૦૦/– વાળું સર્પાકાર રીતે રોડ ઉપર આડુ–અવળુ ચલાવી મળી આવતા મજકુર ઈસમે પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | છેવટે શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

| અનું.નં. | મુદાનો નિર્ણય |
|---|---|
| ૧. | નકારાત્મક. |
| ૨. | આખરી હુકમ મુજબ. |

## – : નિર્ણય માટેના કારણો : –

**<u>મુદા નંબર–૧, ૨ :–</u>**

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ફરીયાદપક્ષની હકીકત પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. આરોપીઓ સામે લગાવવામાં આવેલ તહોમત અંગેની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**66. Penalty for illegal cultivation and collection of hemp and other matter.**

- [(1) Whoever in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made or of any licence, permit, pass or authorization issued, thereunder-[***](b)[Consumes or uses] [Substituted 'consumes, uses, possesses or transports' by Gujarat Act No. 9 of 2017, dated 16.3.2017.] any intoxicant [other than opium] [These brackets and words were inserted, by Bombay 22 of 1960, Section 50 (a) (ii).] or hemp,(c)taps or permits to be tapped any toddy-producing tree;(d)draws or permits to be drawn toddy from any tree; (e)[ enters the territory of the State in an intoxicated condition or under the influence of an intoxicant (other than opium) or hemp; after having consumed such intoxicant or hemp at any place outside the State,] [Clause (e) was inserted by Gujarat 9 of 1978, Section

8(1).]shall, on conviction, be punished-(i)for a first offence, with imprisonment for a term which may extend to six months and with fine which may extend to one thousand rupees:[***] [Proviso deleted by Gujarat 7 of 2005, dated 25th February 2005 (w.e.f. 17-02-2006).](ii) [ for a second or subsequent offences, with imprisonment for a term which may extend to two years but which shall not be less than six months and with fine which may extend to two thousand rupees.] [Substituted by Gujarat Act No. 9 of 2017, dated 16.3.2017][***] [Proviso deleted by Gujarat 7 of 2005, dated 25th February 2005 (w.e.f. 17-02-2006).](iii) [ for a second or subsequent offences, with imprisonment for a term which may extend to two years but which shall not be less than six months and with fine which may extend to two thousand rupees: [Substituted by Gujarat Act No. 9 of 2017, dated 16.3.2017][***] [Section 66 was renumbered as sub-section (1) by Bombay 12 of 1959, Section 9.](2) [ Subject to the provisions of sub-section (3), where in any trial of an offence under clause (b) of sub-section (1) for the

consumption of an intoxicant, [or in any trial of an offence under clause (e) of sub-section (1) for entry in the territory of the State after consumption of an intoxicant or hemp at any place outside the State] [Sub-sections (2) and (3) were added by Bombay 12 of 1959, Section 9.] it is alleged that the accused person consumed liquor, and it is proved that the concentration of alcohol in the blood of the accused person is [not less than 0.05 per cent, weight in volume] [These words and figures were substituted and shall be deemed always to have been substituted for the words and figures 'not less than 0.05 per cent' by Bombay 22 of 1960, Section 50 (b).] then the burden of proving that [the liquor consumed was a medicinal preparation consumed in quantity not in excess of normal dose as defined in section 24-1 A or that the liquor consumed was a toilet preparation] [These words, figures and letters were substituted for the words 'the liquor consumed was a medicinal or toilet preparation' by Gujarat 9 of 1978, Section 8(2) (b).] or an antiseptic preparation or solution, or a flavouring extract, essence

or syrup, containing alcohol, the consumption of which is not in contravention of the Act or any rules, regulations or orders made thereunder, shall be upon the accused person, and the Court shall in the absence of such proof presume the contrary.(3)The provisions of sub-section (2) shall not apply to the consumption of any liquor-(a)by indoor patients during the period they are being treated in any hospital, convalescent home, nursing home or dispensary, maintained or supported by Government or a local authority or by charity, or(b)by such other persons, in such other institutions, or in such circumstances as be prescribed.]]

તથા આ કામે આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબ તહોમત મુકવામાં આવેલ છે જે કલમ નીચે મુજબ છે.

185. Driving by a drunken person or by a person under the influence of drugs. - Whoever, while driving, or attempting to drive, a motor vehicle,[(a) has, in his blood, alcohol exceeding 30 mg. per 100 ml. of blood detected in a test by a breath analyser, [or in any other test including a laboratory test,] or ](b)is under the influence of a drug to such an extent as

to be incapable of exercising proper control over the vehicle, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine [of ten thousand rupees], or with both; and for a second or subsequent offence, [***], with imprisonment for a term which may extend to two years, or with fine [of fifteen thousand rupees], or with both. [Explanation. - For the purposes of this section, the expression "drug" means any intoxicant other than alcohol, natural or synthetic, or any natural material or any salt, or preparation of such substance or material as may be notified by the Central Government under this Act and includes a narcotic drug and psychotropic substance as defined in clause (xiv) and clause (xxiii) of section 2 of the Narcotic Drugs and Psychotropic Substances Act, 1985.]

## <u>પુરાવાનું મુલ્યાંકન</u>

**(૧૧)** સૌપ્રથમ આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓની ચર્ચા કરીએ તો સદર કામે ફરીયાદ પક્ષ ધ્વારા પોતાના કેસના સમર્થનમાં આંક-૨૬ થી ફરીયાદી સુનીલભાઈ વશરામભાઈ તલસાણીયાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદપરની

જુબાનીમાં જણાવેલ છે કે, "તા. ૦૪/૦૭/૨૦૨૩ ના રોજ હું જસદણ પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સટેબલ તરીકે હાજર હતો ત્યારે અનિલભાઈ રમેશભાઈ સરવૈયા તથા ચંદુભાઈ કરશનભાઈ તલસાણીયા તથા રણજીતભાઈ લગધીરભાઈ મેર તથા પારસભાઈ હમીરભાઈ વિંઝુડા એમ બધા આપ સાહેબ સાથે જસદણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પી. સી. આર. સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કરતા કરતા કલાક ૧૮/૩૦ વાગ્યે નવાગામથી થોડે દુર ઘેલા સોમનાથ રોડ ઉપર પહોંચતા એક મોટર સાઈકલ ચાલક પોતાના હવાલાવાળું મોટરસાઈકલ સર્પાકારે રસ્તા પર આડુ-અવળુ ચલાવી આવતો હોય જેથી તેને રોકી ચેક કરતા મજકુર મોટરસાઈકલ ચાલક કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જણાતા આપ સાહેબે બે રાહદારી પંચોને બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો રૂબરૂ ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનું નામ મહેશભાઈ ઝુંઝાભાઈ ડેકાણી, જાતે-કોળી, ઉ.વ.-૩૪, ધંધો-મજુરી, રહે.-હિંગોળગઢ ગામ, તા. વિંછીયા, જી. રાજકોટ, હાલ રહે.- રોજમાળ ગામ, તા. ગઢડા, જી. બોટાદવાળો હોવાનું થોથરાતી જીભે જણાવતો હોય, મજકુર કોટર સાઈકલ ચાલકની આંખો જોતા નશાતળે લાલઘુમ જોવામાં આવેલ, તેમજ મજકુરે કેફી પીણુ પીધેલની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય જેથી મોટરસાઈકલ ચાલકને આવુ કેફી પ્રવાહી પી વાહન ચલાવવા અંગે કોઈ પાસ-પરમીટ કે આધાર હોય તો રજુ કરવાનું કહેતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ, જેથી મજકુરના હવાલાવાળું કોટરસાઈકલ જોતા હિરો કંપનીનું સીલ્વર કલરના પટ્ટાવાળું બ્લેક કલરનું સ્પ્લેન્ડર પ્લસ જેના રજીસ્ટ્રેશન નંબર GJ-03-KA-1898 વાળું જેની આશરે કિંમત રૂ.૨૫,૦૦૦/- ગણી આપ સાહેબે તપાસ અર્થે કબ્જે કરેલ છે. આમ, મજકુર ઈસમે ગેરકાયદેસર પાસ-પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલી હાલતમાં પોતાના હવાલાવાળું મોટરસાઈકલ સર્પાકાર રીતે રોડ પર આડા- અવળુ ચલાવી મળી આવતા મજકુર ઈસમે પ્રોહીબીશન એકટ કલમ- ૬૬(૧)બી તથા એમ.વી. એકટ કલમ-૧૮૫ મુજબ ગુનો કરેલ હોય જેથી મજકુર ઈસમને આપ સાહેબે કલાક-૧૯/૦૦ વાગ્યે ધોરણસર અટક કરેલ છે. હાલના બનાવની ફરીયાદ મેં આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જે પુરાવામાં રજુ દાખલ

આંક–૨૭ આપવામાં આવે છે. સાથેના મારા સાહેદ પંચો તથા તપાસમાં ખુલે તે છે. આજરોજ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે જેને આરોપીને હું ઓળખુ છું."

ત્યારબાદ આ ફરીયાદી આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરે છે કે, "એ વાત ખરી છે કે, આ કામે પ્રથમ પંચનામું કરેલું ત્યારબાદ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે મુદ્દામાલ મોટરસાઈકલની માલીકી અંગે ખરાઈ કરેલ નથી કે માલીકી અંગેના પુરાવાઓ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીનું બ્રીથ એનાલીસીસ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીનું અમોએ કોઈ મોઢું સુંઘેલ હોય તેવું ફરીયાદમાં તેમજ પંચનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર રોડ છે અને ઘણા વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે, આરોપીની મેડીકલ તપાસણી મેં સાથે રહીને કરાવેલ નથી. એ વાત ખરી છે કે, રાતનો ઉજાગરો હોય અને વાહન લાંબો સમય ચલાવેલ હોય તો આંખો લાલ થઈ જાય."

**(૧૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૧૫ થી અટક પંચ સાહેદ દિલીપભાઈ હરજીભાઈ મજેઠીયાનાઓને તથા આંક– ૧૭ થી અટક પંચ સાહેદ જગુભાઈ નનકુભાઈ ખાચર નાઓને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદો અટક પંચનામાનાં મહત્વના પંચો છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં માત્ર આંક– ૧૬ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે તથા પંચનામાની અન્ય કોઈ હકીકતોને સમર્થકારી પુરાવો આપેલ નથી. આ પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપેલ નથી. વધુમાં પંચ સાહેદોએ બચાવપક્ષ તર્ફેની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે મે માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી અને પંચનામામાં શું લખેલ હતું

તેની તેઓને ખબર નથી. આમ, આ કામે સદર પંચ સાહેદોની જુબાનીથી આંક – ૧૬ થી રજુ પંચનામું બિનપુરવાર રહેલ હોવાનું આ અદાલતનું નમ્ર પણે માનવું થાય છે.

ઉપરોકત તપાસવામાં આવેલ બંને પંચોએ ફકત આંક – ૧૬ વાળા પંચનામામાં સહી કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલી અને પંચનામામાં શું લખેલ હતું તેની તેઓને ખબર ન હોવાની હકીકતનો સ્વીકાર કરે છે ત્યારે સદર પંચોના પુરાવાથી પણ આંક – ૧૬ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી જેથી આંક– ૧૬ વાળા પંચનામાની હકીકત ઉપર આધાર રાખી શકાય નહી.

(૧૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક– ૨૮ થી ત.ક.અ.શ્રી જયંતીભાઈ ધીરુભાઈ મજેઠીયાનાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, "તા. ૦૪/૦૭/૨૦૨૩ ના રોજ હું જસદપ પોલીસ સ્ટેશનમાં એ. એસ. આઈ. શ્રી તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે જસદણ પોલસ સ્ટેશન ગુના રજી. નં. ૦૩૯૨/૨૦૨૪ પ્રોહી. કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબ આ કામના આરોપી થેરકાયદેસર પાસ–પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના કબ્જાવાળી હિરો કંપનીની સફેદ કલરના પટ્ટાવાળું બ્લેક કલરનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ જેના રજીસ્ટ્રેશન નંબર GJ–03–KA–1898 વાળું જેની કિં. રૂ. ૨૫,૦૦૦/– ગણી રોડ ઉપર આડુ–અવળુ ચલાવી મળી આવતા ગુનો રજીસ્ટર કરેલ તપાસ અર્થે કબ્જે કરેલ તથા આરોપીએ પ્રોહી. કલમ–૬૫(એએ) મુજબનો ગુનો કરેલ હોય હાલના બનાવની ફરીયાદ સુનિલભાઈએ આપેલી. ત્યારબાદ આગળની તપાસ પી. એસ. ઓ. દ્વારા અમોને ડેપ્યુટ કરતા અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસનો ડેપ્યુટ હુકમ હું આજરોજ રજુ કરુ છું. જેને પુરાવામાં રજુ દાખલ આંક–૨૯ આપવામાં આવે છે. ત્યારબાદ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. આમ,

આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં મુદ્દત હરોળમાં ચાર્જશીટ રજુ કરેલ. હું આરોપીને ઓળખુ છું. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી."

ત્યારબાદ આ સાહેદ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરે છે કે, "એ વાત ખરી છે કે, આ કામે મુદ્દામાલ મોટરસાઈકલની માલીકી અંગે ખરાઈ કરેલ નથી કે માલીકી અંગેના પુરાવાઓ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે પહેલા પંચનામુ કરેલુ ત્યારબાદ ફરીયાદ આપેલી. **એ વાત ખરી છે કે, એમ. એલ. સી. ફોર્મ મેળવેલ નથી.** એ વાત ખરી છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદોએ તેના નિવેદનમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા જાહેર રોડ છે અને ઘણા વાહનોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે, આરોપીની મેડીકલ તપાસણી મેં સાથે રહીને કરાવેલ નથી."

આ કામે સદર સાહેદ હાલના ગુનાની તપાસ કરનાર ત.ક.અધિકારી હોય તેઓનો પુરાવો જોતાં તેઓએ સદર ગુનાના કામે કરેલ તપાસની કાર્યવાહીને અનુરૂપ પુરાવો આપેલ છે અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે એ વાત ખરી છે કે તપાસ દરમીયાન કોઈ કેમેરો કબ્જે કરેલ નથી કે અન્ય કોઈ વિડીયોગ્રાફી ઈકવીટમેન્ટ એફ. એસ.એલ.માં મોકલેલ નથી. આમ, આ ત.ક.અધિકારીનો પુરાવો જોતાં તેઓએ હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવો એક પણ પુરાવાઓ તપાસના કામે મેળવી રજુ કરેલ નથી જેથી સદર તપાસ કરનાર અધિકારી ધ્વારા કરવામાં આવેલ તપાસ ક્ષતીગ્રસ્ત હોવાનું જણાઈ આવતું હોય સદર ત.ક.અધિકારીનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થતો હોવાનું સાબિત થતું નથી.

**ઉપસંહાર**

(૧૪) ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ધ્યાને લેતાં આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટનો કલમ–૧૮૫ મુજબ એટલા માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી કારણ કે આ કામે આરોપીનું અટક પંચનામું પુરવાર થયેલ નથી અને તે પંચનામાના પંચો ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે. જેથી મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો આ સાહેદોની જુબાનીથી રેકર્ડપર આવવા પામતો નથી. તેમજ આ કામે આરોપીનું લોહી લીધા અંગેનો કોઇ પુરાવો રજુ નથી. તેમજ આરોપીના લોહીમાં આલ્કોહોલની કેટલી માત્રા હતી તે અંગેનો કોઇ મેડીકલ કે એફ.એસ.એલ. અધિકારીનો રીપોર્ટ રજુ નથી. તે સંજોગોમાં આ કામના આરોપી બનાવ સમયે આલ્કોહોલના નશા હેઠળ પોતાનું વાહન ચલાવતા હતા તે હકીકત પુરવાર થતુ નથી. જેથી આ કામે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી. વધુમાં, ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે સાહેદ સોગંદ ઉપરની જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહિતી મુજબ સાચુ જ બોલતાં હોય છે. સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. પુરાવાનું મૂલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિતક કોઈ નિયમ નથી. પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારિત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું કે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દવારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે.

પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી કારણ કે દરેક કેસની હકીકત પુરાવો આજુબાજુનાં પરિબળો તે તમામ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. પુરાવાનાં મૂલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારિત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતાં દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહી માં હોતી નથી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી. ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતાં જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતાં હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતાં દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહીં. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' જે એ.આઈ.આર. ૨૦૧૨, એસ.સી. પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા–૨૮માં એમ ઠરાવેલ છે કે,

> “It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈષ્ણવ વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ''નો ચુકાદો કે જે (૨૦૧૯)(૪) (એસ.સી.સી. – પેજ નં.૫૨૨) માં પ્રસિધ્ધ થયેલ છે જેનાં પેરા–૧૫ તથા ૧૯ માં ઠરાવેલ છે કે....

> 15. One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.

19. It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [See Kali Ram v. State of Himachal Pradesh, (1973) 2 SCC 808].

**(૧૬)** આમ, રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય મુદૃા નં. ૧ પરત્વેનો નિર્ણય નકારાત્મક આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદૃા નં. ૨ પરત્વેનો નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

➔ આ કામના આરોપી **મહેશભાઈ ઝુંઝાભાઈ ડેકાણી**ને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ વધુમાં આરોપીએ બી.એન.એસ.એસ.–૪૮૧ મુજબ અપીલ સમયે ઉચ્ચ અદાલતમાં હાજર રહેવાની બાંહેધરી પેટેના સધ્ધર જાત જામીન તેમજ મુચરકા આરોપીઓએ રજુ કરવા.

➔ આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

➔ વધુમાં હાલના કેસનું રેકર્ડ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ વર્ગીકરણ અર્થે રેકર્ડ રૂમમાં મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા. ૨૨ –મી, માહે– એપ્રિલ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા.:– ૨૨ /૦૪ /૨૦૨૬**
**સ્થળ : જસદણ.**

**(કૃષ્ણકાન્ત નરેન્દ્રકુમાર દવે)**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**જસદણ.Judge Code.GJ-01116**

**V. D. THAKER**
**Guj. Steno.**